## જન્મદિને વધામણી



ધવલ પ્રકાશચંદ્ર શાહ
મો. ૯૯૦૪૪ ૪૩૨૮૭



કશીશ શ્રીમાળી
મો. ૯૧૭૩૦ ૨૨૭૦૩



રૂદ્ર બી સાધુ
મો. ૯૮૯૮૦ ૨૧૬૨૭



દક્ષકુમાર મનીષ સુથાર
મો. ૯૯૨૪૪ ૧૭૨૪૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક



અમદાવાદ ખાતે આયોજિત સરદાર પટેલ ઓપન સ્ટેટ ટૅ-ક્વોન-ડો ટુર્નામેન્ટમાં ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ, ગાંધીનગરના બે વિદ્યાર્થીઓએ ગોલ્ડ મૅડલ પ્રાપ્ત કર્યા છે. અન્ડર-૯ વિભાગમાં હરમિત રાજેન્દ્રકુમાર પટેલ અને અન્ડર-૧૪ વિભાગમાં સલોનિ રાજેન્દ્રકુમાર પટેલને ગોલ્ડ મૅડલ પ્રાપ્ત થયો છે. બંને વિદ્યાર્થીઓને બિરદાવતાં શાળા પરિવારે તેમને અભિનંદન પાઠવ્યા છે.

## અશ્વિનભાઈ કૉલેજની હૅન્ડબૉલ ટીમ યુનિવર્સિટી ચૅમ્પિયન

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના યજમાનપદે કડી સર્વ વિશ્વવિદ્યાલયની ઈન્ટરકૉલેજ હૅન્ડબૉલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાની ફાઈનલમાં યજમાન કૉલેજ ઍલડીઆરપીને ૨૦-૮થી હરાવી ચૅમ્પિયન બની હતી. આ ચૅમ્પિયન ટીમમાં વિપુલસિંહ ચાવડા (કૅપ્ટન), મયંગ ગોહિલ, હરેશ ભવાણી, સાહિલ પટેલ, ઋત્વિક નિનામા, હિતેષ ડાકી, અમીન પરમાર, ભરત ચાવડા, રાજેશ્વરસિંહ ચાવડા, વિકાસ રાજકોટ, રવિ બ્રહ્મભટ્ટ અને હિત પટેલ સામેલ હતાં, જેમને કૉલેજ પરિવાર વતી પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝાએ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર સ્પર્ધાનું આયોજન-સંચાલન ડૉ. રણછોડ રથવી દ્વારા કરવામાં આવ્યું હતું.



## ડાયરેક્ટ ❤ સે

મત્સ્યવધની આગલી રાત્રે કૃષ્ણ-અર્જુન સંવાદ :

કૃષ્ણ : ત્રાજવાંમાં પગ સંભાળીને મૂકજે, ધનુષ મજબૂતાઈથી પકડજે, મન અવિચળ રાખજે ને નજર માછલી પર માંડેલી રાખજે...

અર્જુન : આ બધું મારે જ કરવાનું છે ? તો તમે શું કરશો ?

કૃષ્ણ : આ બધું તું કરી શકે છે એટલે તારે કરવાનું છે, જે તું નહીં કરી શકે એ હું કરીશ.

અર્જુન : અને એ શું છે ?

કૃષ્ણ : હું પાણીને સ્થિર રાખીશ.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
બેફિકરે
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
કહાની-૨
૧.૦૦, ૭.૦૦
ડિયર જિંદગી
૪.૦૦
ધ્રુવા (તેલુગુ)
૯.૩૦

**સ્ક્રીન-૫**
બેફિકરે
સવારે ૧૦.૦૦
વજહ તુમ હો
૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

વર્લ્ડ ઈન્ટેલેક્ચ્યુઅલ ડિસેબિલીટી ડે નિમિત્તે

## અંબા બિઝનેસ પાર્ક, ત્રિમંદિર ખાતે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન







ગાંધીનગર, તા. ૧૬

વર્લ્ડ ઈન્ટેલેક્ચ્યુઅલ ડિસેબિલીટી ડે નિમિત્તે અંબા બિઝનેસ પાર્ક, ત્રિમંદિર ખાતે અંબા ઍન્જલ્સ પૅરેન્ટ્સ ઍસોસિએશન ફૉર સ્પેશિયલ ચિલ્ડ્રન, અડાલજ દ્વારા કોમ્પોઝિટ રિજનલ સૅન્ટર અને પરિવાર નૅશનલ કો-ફૅડરેશન ઑફ પૅરેન્ટ્સ ઍસોસિએશનના સહયોગથી એક જનજાગૃતિ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે મોટી સંખ્યામાં વાલીઓ તથા સમાજપ્રેમી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આસીસ્ટન્ટ પ્રૉફેસર ઑફ સ્પૅશિયલ ઍજ્યુકેશન અજિત કુમાર, સ્પેશિયલ ઍજ્યુકેટર રાજેન્દ્રભાઈ પરમાર અને કર્નલ વી કે ગૌતમે ન માત્ર માનસિક વિશિષ્ટતા અંગે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી પરંતુ વાલીઓના માનસિક વિશિષ્ટતાને લગતા અનેક સવાલોના સંતોષકારક ઉત્તરો પણ પાઠવ્યા હતા. કાર્યક્રમના અંત ભાગમાં બાળકો દ્વારા સુંદર ડાન્સ કાર્યક્રમ પણ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.

## સ્મિત મ્યુઝિક દ્વારા આજે ‘રાજ તેરી યાદ’

ગાંધીનગર, તા. ૧૬

સ્મિત મ્યુઝિક, ગાંધીનગર દ્વારા પોતાની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની શ્રેણીમાં જેસીઆઈના ખાસ સહયોગથી ગાંધીનગરના કલાકારોને લઈને શોમૅન રાજ કપૂરના જન્મ દિવસ નિમિત્તે ફિલ્મી ગીતોના કાર્યક્રમનું આયોજન ૧૭ ડિસેમ્બરના રોજ કરવામાં આવ્યું છે.

સ્મિત મ્યુઝિકનાં જ્યોતિ ગજ્જર-ભરત ગજ્જરે આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે રાજ કપૂરની સ્મૃતિમાં વર્તમાન, વિતેલાં અને બૉલીવૂડ સિંગરનાં નવાં-જૂનાં ફિલ્મી ગીતોનો આ કાર્યક્રમ શનિવારે રાત્રે ૯ કલાકે ડૉ. આંબેડકર હૉલ, ગાંધીનગર ખાતે યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગરના કલાકારો તથા સ્વ સંચાલિત સ્થાનિક સંસ્થાને પ્રોત્સાહિત કરવા અને જૂનાં-નવાં ગીતોની અનોખી મહેફિલને માણવા આ વિશિષ્ટ કાર્યક્રમમાં ગાંધીનગરની વિવિધ અગ્રણી સંસ્થાઓના વડાઓ પધારી રહ્યા છે, એમ તેમણે આ અંગેની માહિતી આપતાં વધુમાં જણાવ્યું છે.

## રાજ્યકક્ષાની હુપ કોન્ડો સ્પર્ધામાં જે એમ ચૌધરી શાળા ઝળકી

### પાંચ વિદ્યાર્થીનીઓની પસંદગી રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે

ગાંધીનગર, તા. ૧૬

ગુરુવારે રાજ્યકક્ષાની હુપ કોન્ડો સ્પર્ધા મહિસાગર ખાતે યોજવામાં આવી હતી, જેમાં ગાંધીનગરની શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય (ગ્રાન્ટેડ)ની બાળાઓએ ભાગ લઈ શાળાનું નામ રોશન કર્યું હતું. પાંચ બાળાઓ રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામી હતી.

રાજ્યકક્ષાની સ્પર્ધામાં વિજેતા બાળાઓમાં કાજલ ચૌધરી, ભાવિષા ચૌધરી, આશા ચૌધરી, જાનકી ચૌધરી, જિજ્ઞા ચૌધરી, નીતા ચૌધરી, અંજલિ ચૌધરી, રિંકલ ચૌધરી, શીતલ ચૌધરી અને જ્યોત્સ્ના ચૌધરીનો સમાવેશ થાય છે. આ સૌ બાળાઓને આચાર્ય સંતોકબેન ચૌધરી તથા વ્યાયામ શિક્ષક વિનાક્ષીબેન સુતરિયા, લીલાબેન દેસાઈ, હેતલબેન દેસાઈ અને શાળા પરિવારે અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી છે.

## બિનનિવાસી ગુજરાતીઓનું સંમેલન યોજાયું



ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત ચૅમ્બર ઑફ કૉમર્સ ઍન્ડ ઈન્ડસ્ટ્રીઝ અને બિનનિવાસી ગુજરાતી કમિટીના સંયુક્ત ઉપક્રમે બિનનિવાસી ગુજરાતીઓનું સંમેલન તાજેતરમાં યોજવામાં આવ્યું હતું, આ સંમેલનમાં વિદેશમાં વસતા ગુજરાતીઓનું ગુજરાતના વિકાસમાં શું યોગદાન છે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ સંમેલનમાં ગુજરાત રાજ્યના રાજ્યપાલ ઓ પી કોહલી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા, જેમણે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે બિનનિવાસી ગુજરાતીઓ દેશ અને રાજ્યના આર્થિક, સામાજિક વિકાસ માટે સારું એવું યોગદાન આપતા રહ્યા છે. ગુજરાતીઓની સૌથી મોટી ખાસિયત એ છે કે તેઓ વિદેશમાં રહેતા હોવા છતાં પણ પોતાની પરંપરાઓ નિભાવે છે અને મૂલ્યોને જાળવી જાણે છે.

ગુજરાત યુનિવર્સિટીના સ્ટડીઝ ઍબ્રોડ પ્રોગ્રામ અને ડાયાસ્પોરા સ્ટડીઝના સલાહકાર, કો-ઓર્ડિનેટર ડૉ. નીરજા ગુપ્તાએ પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે ગુજરાતના વિકાસમાં ગુજરાતીઓનો ફાળો ઘણો રહ્યો છે. ધર્મ જેવા નાના શહેરનું ઉદાહરણ આપતાં તેમણે જણાવ્યું હતું કે આ શહેરની વસતી માત્ર ૧૧,૫૦૦ની છે, જે પૈકી ૬૦ ટકા લોકો વિદેશમાં વસે છે અને તેમના વતનમાં વાર્ષિક રૂા. ૧૧૦૦ કરોડનું અનુદાન મોકલે છે. એ જ રીતે કચ્છના એક નાના ગામમાં ફક્ત ૬૦૦ કુટુંબોનો વસવાટ છે, પરંતુ અહીંના બિનનિવાસી ગુજરાતીઓ વાર્ષિક ૨૫૦ કરોડ રૂપિયાનો ફાળો આપે છે. ગુજરાતીઓ દ્વારા ફાળો ધાર્મિક સંસ્થાઓ, કૌટુંબિક એકતા અને ગ્રામ વિકાસની પ્રવૃત્તિ માટે આપવામાં આવે છે. આ ઉપરાંત શૈક્ષણિક ક્ષેત્રમાં પણ તેઓનો ફાળો મહત્ત્વનો છે ને મનોરંજન ઉદ્યોગમાં પણ તેમની હાજરી મોટા પ્રમાણમાં રહેલી છે.

જીસીસીઆઈના ઍનઆરજી કમિટીના ચૅરમૅન કે ઍચ પટેલે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે વિદેશમાં વસતા ૨.૫ કરોડ ભારતીયોમાં લગભગ ૬૫ લાખ ગુજરાતીઓ છે. ગુજરાત સરકાર દ્વારા બિનનિવાસી ગુજરાતી વિભાગની સ્થાપના પછી ઓસીઆઈ કાર્ડ અને ગુજરાત કાર્ડ વિગેરે જેવી ઘણી પ્રવૃત્તિઓ હાથમાં લેવામાં આવી છે. ૨૦૦૮ની સાલમાં જીસીસીઆઈ દ્વારા ઍનઆરજી વિંગની સ્થાપના બાદ ઘરેલુ ગુજરાતીઓ અને બિનનિવાસી ગુજરાતીઓના લાભાર્થે ઘણા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

## પ્રજાપતિ સમાજ દ્વારા સ્નેહ સંમેલન તથા ઈનામ વિતરણ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર પ્રજાપતિ સમાજના સ્નેહ સંમેલન તથા ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન સંપન્ન કરવામાં આવ્યું છે.

આ અંગેની એક અખબારી યાદીમાં સમાજના મંત્રી દ્વારા જણાવવામાં આવ્યું છે કે સદર ઈનામ વિતરણ કાર્યક્રમ માટે પ્રત્યેક સભાસદે પોતાનાં બાળકોની માર્કશીટની નકલ કારોબારી સભ્યો અથવા પ્રમુખ, મંત્રીને આગામી તારીખ ૮ જાન્યુઆરી, ૨૦૧૭ સુધીમાં મોકલાવવાની રહેશે. આ અંગેની વધુ માહિતી માટે સભાસદો મોબાઈલ નંબર ૯૮૨૫૦ ૨૧૮૫૩ અથવા ૯૪૨૭૬ ૦૫૨૫૨ દ્વારા સંપર્ક સાધી શકશે એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

સમાજનો રમતોત્સવ તા. ૮ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ રંગમંચ, સૅક્ટર-૧૨ ખાતે યોજવામાં આવ્યો છે એમ જણાવતાં તેમણે આ રમતોત્સવમાં ભાગ લેવા સમાજના પરિવારને નિમંત્રણ પાઠવ્યું છે.

લોહાણા યુવા સંગઠન, ગાંધીનગર દ્વારા

# ૨૦મી વીરપુર પદયાત્રા સફળતાપૂર્વક સંપન્ન







‘જલારામ’ નામ સાંભળતાં જ મસ્તક આપોઆપ નમી જાય ને હૃદયમાં ભક્તિભાવ છલકાઈ જાય એવો જલારામબાપાના નામનો પ્રતાપ છે. બાપાના લાખો ભક્તો આજે દેશ-વિદેશમાં વસી રહ્યા છે, જેમાં બધા જ વર્ગના લોકો સામેલ છે. આ ભક્તો પોતાની માનતા પૂરી થાય ત્યારે શ્રદ્ધાપૂર્વક બાપાનાં ચરણોમાં મસ્તક નમાવવા વીરપુર સુધીની પગપાળા યાત્રા પણ કરતા હોય છે.

લોહાણા યુવા સંગઠન, ગાંધીનગર દ્વારા જલારામબાપાના ભક્તોની માનતા પૂર્ણ થાય તે અર્થે એક ભાવપૂર્ણ પ્રયાસ પ્રતિવર્ષ કરવામાં આવે છે. ભાવિકો બાપાના ધામ વીરપુર સુધીની પગપાળા યાત્રા કરે છે અને જલારામબાપાને ભાવપૂર્વક નમન કરે છે.

આ વર્ષે ૨૦મી પદયાત્રાનું આયોજન પણ લોહાણા યુવા સંગઠન દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. નાત-જાતના ભેદભાવ ભૂલીને ૬૦ જેટલા પદયાત્રીઓ આ પદયાત્રામાં ભાવપૂર્વક જોડાયા હતા. આ ઉપરાંત પદયાત્રીઓની સેવા માટે ૨૦ જેટલા સ્વયંસેવકો પણ યાત્રામાં સામેલ થયા હતા.

૯મી ડિસેમ્બરથી આરંભેયેલી આ પદયાત્રા ગણેશપુરા, પાળીયાદ, કુંભારા, વિંછિયા, જસદણ, આટકોટ વગેરે ધાર્મિક સ્થળોનાં દર્શન કરતાં-કરતાં ૧૮મી ડિસેમ્બરે વીરપુર પહોંચી હતી, જ્યાં જલારામ બાપાનાં દર્શન કરી બાધા-માનતા તેમનાં ચરણોમાં સમર્પિત કરવામાં આવી હતી. પદયાત્રાળુઓ અહીં એક દિવસ રોકાયા હતા અને સંધ્યા આરતી, પ્રસાદનો લાભ લઈ ગાંધીનગર પરત ફર્યા હતા.

જલારામબાપાના રથ સાથે ગાંધીનગરથી આરંભાયેલી રથયાત્રાનું ઠેર-ઠેર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને પ્રત્યેક સ્થળે બાપાનું ભવ્ય પૂજન-અર્ચન પણ કરવામાં આવ્યું હતું. પદયાત્રીઓને પણ ભાવિકોએ ખૂબ પ્રદિસાદ આપ્યો હતો અને જોઈએ ત્યાં સહાય પણ પૂરી પાડી હતી.